**નવી બાબત વર્ષ ૨૦૨૧-૨૨**

**અનુસૂચિત જનજાતિના રકતપિત્તના દર્દીઓને મફત તબીબી સહાય આપવાની માસિક સહાયની યોજનામાં રૂ.૪૦૦/-નો વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૨૧/ન.બા-૧૧/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૦૫/૨૦૨૧

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૧/૦૪/૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક:-એસટીડબલ્યુ/૧૦૮૬/૨૪૨૩/ઘ
(૨) આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૭/૦૮/૧૯૮૯ ના ઠરાવ ક્રમાંક:- ટીએપી/૧૦૮૯/૩૧૩/ઘ.
(૩) આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૧/૦૯/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક:- ટીએપી/૧૦૮૯/૧૫૭૧-૧૫૮૮/ઘ.
(૪) આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૭/૦૨/૧૯૯૨ ના ઠરાવ ક્રમાંક:- ટીએપી/૧૦૯૧/૯૪૧(૪)/ઘ.
(૫) આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૭/૧૧/૧૯૯૨ ના ઠરાવ ક્રમાંક:-ટીએપી/૧૦૯૨/૧૦૨૨/ઘ.
(૬) આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૮/૦૫/૧૯૯૫ ના પરિપત્ર ક્રમાંક:- ટીએપી/૧૦૯૫/૧૫/ઘ.
(૭) આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૯/૦૭/૧૯૯૬ ના પરિપત્ર ક્રમાંક:- ટીએપી/૧૦૯૫/૧૫/ઘ.
(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક:-અજક/૧૦૨૦૧૧/ન.બા.૨૬/ગ
(૯) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮/૦૧/૧૯૯૮ના ઠરાવ ક્રમાંક:- ટીએપી/૨૦૯૭/૧૭૫/ઘ
(૧૦) કમિશ્નરશ્રી, (આ.વિ)ની કચેરી, ગાંધીનગરના તા.૨૦/૦૧/૨૦૨૧ના પત્ર ક્રમાંક:- અવ/અગન/ન.બ/ત.સ/૨૦૨૧/૯૦૩ થી ૯૦૪ તથા તા.૨૦/૦૧/૨૦૨૧ના પત્ર ક્રમાંક:-અવ/અગન/ન.બ/ત.સ/૨૦૨૧/૯૦૫ થી ૯૦૬

**પ્રસ્તાવના:-**

આમુખમાં જણાવેલ ઠરાવો તેમજ પરિપત્રોમાં દર્શાવ્યા પ્રમાણે અનુસૂચિત જનજાતિના લોકો માટે મફત તબીબી સહાયની યોજના અમલમાં મૂકવામાં આવી છે. તથા વંચાણે લીધા ક્રમાંક.(૯) ના તા.૨૮/૦૧/૧૯૯૮ના ઠરાવથી અનુસૂચિત જનજાતિના લોકોને મફત તબીબી સહાયના દરમાં વધારો કરી રકતપિત્તના દર્દીઓને રૂ.૪૦૦/- માસિક સહાય (દર્દ મટે નહિ ત્યાં સુધી) આપવામાં આવે છે. પરંતુ, હાલના મોંઘવારીના સમયમાં અનુસૂચિત જનજાતિના રકતપિત્તગ્રસ્ત દર્દીઓને તેઓની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે રકતપિત્ત જેવા ગંભીર રોગો માટેની મોંઘી દવાઓ ખરીદી શકતાં નથી. તથા તેઓને દવાઓ સમયસર મળી શકતી નથી. આથી, અનુસૂચિત જનજાતિના રકતપિત્ત ગ્રસ્ત દર્દીઓને ચૂકવવામાં આવતી માસિક સહાયની રકમમાં રૂ.૪૦૦/- નો વધારો કરતાં આ યોજના હેઠળ આગામી વર્ષ ૨૦૨૧-૨૨ માં માંગણી ક્રમાંક : ૯૩ હેઠળ અંદાજીત રૂ. ૪૦૦/-x ૧૨ માસ x અંદાજીત ૬૩ દર્દીઓ માટે રૂ. ૩.૦૨ લાખ જેટલી જોગવાઈ તથા માંગણી ક્રમાંક :૯૬ હેઠળ અંદાજીત રૂ. ૪૦૦/- x ૧૨ માસ x અંદાજીત ૨૬૨ દર્દીઓ માટે રૂ. ૧૨.૫૮ લાખ મળી કુલ રૂ.૧૫.૬૦ લાખ(અંકે રૂપિયા પંદર લાખ સાઠીઠ હજાર પુરા)ની જોગવાઈ કરવા કમિશ્નરશ્રી, આ.વિની કચેરી દ્વારા તા.૨૦/૦૧/૨૦૨૧ના વંચાણે લીધા ક્રમાંક.(૧૦) ના પત્રોથી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધા ક્રમાંક.(૧૦)ની કમિશ્નરશ્રી,આ.વિની કચેરીની દરખાસ્ત અન્વયે અનુસૂચિત જનજાતિના રકતપિત્ત ગ્રસ્ત દર્દીઓને ચૂકવવામાં આવતી માસિક સહાયની રકમ રૂ.૪૦૦/-માં રૂ.૪૦૦/- નો વધારો કરી કુલ રૂ.૮૦૦/-(અંકે રૂપિયા આઠસો પૂરા)ની માસિક સહાય આપવા માટે આ યોજના

હેઠળ આગામી વર્ષ ૨૦૨૧-૨૨ માં માંગણી ક્રમાંક : ૯૩ હેઠળ અંદાજીત રૂ. ૪૦૦/-x ૧૨ માસ x અંદાજીત ૬૩ દર્દીઓ માટે રૂ. ૩.૦૨ લાખ જેટલી જોગવાઈ તથા માંગણી ક્રમાંક :૯૬ હેઠળ અંદાજીત રૂ. ૪૦૦/- x ૧૨ માસ x અંદાજીત ૨૬૨ દર્દીઓ માટે રૂ. ૧૨.૫૮ લાખ મળી કુલ રૂ.૧૫.૬૦ લાખ(અંકે રૂપિયા પંદર લાખ સાહીઠ હજાર પુરા)ની સને ૨૦૨૧-૨૨ના વર્ષની નવી બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૧-૨૨ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાનાં નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણાં વિભાગના તા.૨૨/૦૬/૧૯૯૪ના પરિપત્ર ક્રમાંક:- ખરચ/૧૦૯૪/૨૬૦/ઝ.૧, તા.૨૦/૦૫/૧૯૯૬ના ઠરાવ ક્રમાંક:- ખરચ/૧૦૯૬/ઓ-૬૪૫-ઝ.૧, તા.૦૯/૦૯/૧૯૯૮ ના ઠરાવ ક્રમાંક:- ખરચ/૧૦૯૮/૭૦૪/(૫૮)/ઝ.૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ અને તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:- ખરચ/૧૦૨૦૧૦/૧૧૮/ઝ.૧ અનુસારની તેમજ વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૨) આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાની પ્રવૃતિઓ પૈકી જે પ્રવૃતિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઈડલાઈન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૩) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:- એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં **રૂ.૩.૦૨/- લાખની** નવી બાબત **માંગણી ક્રમાંકઃ ૯૩** આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ

૨૮૨-આરોગ્ય, પેટા સદર (૦૧) વીકેવાય ૩૧ આરોગ્ય વિષયક યોજના હેઠળ તથા **રૂ.૧૨.૫૮/- લાખ, માંગણી ક્રમાંકઃ ૯૬** આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ, લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના પેટા સદર-(૨૧) વીકેવાય ૩૧ આરોગ્ય વિષયક યોજનાઓ હેઠળ સમાવવા તથા જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૯/૦૪/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(આઇ.એ.દેસાઇ)**
**ઉપ સચિવ**
**આદિજાતિ વિકાસ વિભાગ**

**નકલ રવાના :-**

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં. ૫/૯ માળ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી , ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશનલ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.